# સમગ્ર ગુજરાતના રાજપૂત સમાજમાં શિક્ષણ અને રોજગારીના ક્ષેત્રે આગળ વધવા થનગની રહેલું રાજપૂત યુવાધન એટલે કે UPSC તાલીમ માટે પ્રવેશ.

---

બાશ્રી દશરથબા મહેન્દ્રસિંહ પરમાર રાજપૂત IAS/કરિયર એકેડેમી-લેકાવાડા-ગાંધીનેગર ખાતે તા.૧૫-૭-૨૦૧૮ના રોજ યોજાયો UPSC અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અનોખો સેમિનાર. રાજ્યભરના ૭૦૦થી વધુ રાજપૂત યુવક-યુવતીએ લીધો હિસ્સો.

---

રૂપિયા ૮ કરોડના ખર્ચે લેકાવાડા-ગાંધીનગર ખાતે નવનિર્મિત થયેલી બાશ્રી દશરથબા મહેન્દ્રસિંહ પરમાર રાજપૂત IAS/કરિયર એકેડેમી- કે જેનું સંચાલન ગાંધીનગરની કર્મઠ સંસ્થા, શ્રી કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા કરવામાં આવી રહ્યું છે - UPSC શું છે ? સિવિલ સેવા (IAS/IPS/IFS/IRS) શું છે ? GPSC થી તે કઈ રીતે જુદું પડે છે? UPSC ની પરીક્ષા પાસ થવા માટે શું કરવું પડે? UPSC ની તૈયારી કરવાથી આપોઆપ GPSC માં કઈ રીતે ફાયદો થાય? GPSC માટે જુદું શું કરવું પડે? વ્યક્તિત્વનો વિકાસ કેવી રીતે કરવો ? UPSC- GPSCમાં સફળ યોધ્ધા કેવી રીતે બનવું? સપ્ટેમ્બર-૨૦૧૮થી આ એકેડમી ખાતે શરૂ થતી ૫૦(પચાસ) રાજપૂત દિકરા-દિકરીઓની પ્રથમ બેચનું સિલેક્શન કેવી રીતે થશે ? આ બેચના સિલેક્શનની પરીક્ષાઓ કેવી હશે ? પ્રશ્નોનો ઢાંચો કેવો હશે ? ક્યારે કઈ પરીક્ષા લેવાશે ? ક્યારે પર્સનલ ઈન્ટરવ્યુ થશે ? એકેડમીમાં પ્રથમ બેચ નો આ સમયગાળો કેટલો રહેશે ? તેમાં પ્રિલિમ્સ તેમજ મેઈન્સ પરીક્ષાના ક્યા ક્યા વિષયોનું Coaching આપવામાં આવશે ? હોસ્ટેલ, લાઈબ્રેરી, ભોજનની કેવી સુવિધાઓ રહેશે ? ફીનું ધોરણ કેવું રહેશે ? વિગેરે તમામ મુદ્દાઓ ઉપર અત્યંત ઝીણવટભર્યું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય ઘટના તો એ છે કે UPSC જેવી સંકીર્ણ પરીક્ષાનું નામ પડે એટલે સામાન્ય યુવાનો પીઠ ફેરવે ! પરંતુ આ તો જાગી ગયેલો રાજપૂત સમાજ અને તેમાંય તેનું થનગનતું યુવા ધન ! સમગ્ર ગુજરાતના કચ્છ થી નવસારી અને બનાસકાંઠાથી જામનગર જિલ્લા સુધીના તમામ જિલ્લાઓના ૭૦૦(સાતસો)થી વધુ દિકરા-દિકરીઓ અને ૫૦ જેટલા વાલીઓ ૧૫.૭.૧૮ રવિવારે બરોબર ૧૧:૦૦ કલાકે સમયસર આ જ્ઞાનયજ્ઞમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા.

લુણાવાડાના મહિસાગર જિલ્લા રાજપૂત મહિલા મંડળ ના પ્રમુખ બાશ્રી નિરૂબા સોલંકી તો ૪૫ વિધાર્થીઓને ખાસ બસ કરીને આ યજ્ઞનો લાભ આપવા પધારેલાં. ગુજરાતની UPSC ની તાલીમ આપતી સંસ્થાઓના ઈતિહાસમાં માત્ર UPSC માટે કશુંક જાણવા તલપાપડ હોય તેવી આટલી મોટી સંખ્યામાં વિધાર્થીઓની ઉપસ્થિતી એ ખરેખર તો તપાસનો વિષય થાય !

આ સંસ્થાના નામી-અનામી તમામ પદાધિકારીશ્રીઓ અને કાર્યકર્તાઓએ તન-મન અને ધનની સિંચેલી આ સંસ્થા, આવનાર સમયમાં સ્પર્ધાત્મક વાતાવરણમાં આપણાં સમાજના યુવાધનને ટકી રહેવા માટેનું ઉત્તમ ભાથું પુરૂં પાડશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. આટલી મોટી સંખ્યામાં વિધાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યાં, સાત-સાત કલાક સુધી અનિમેષ, ઉત્તમશ્રોતા બનવાનું જ્વલંત ઉદાહરણ પુરૂં પાડ્યું, તમામ પદાધિકારીશ્રીઓ – કાર્યકર્તાઓ આ કાર્યક્રમને સફળ બનાવવા છેલ્લાં ૧૫ દિવસથી ખડે પગે રહ્યાં તે બદલ એકેડેમીના નિયામક તરીકે તમામનો હ્રદયપૂર્વક આભાર માનું છું.

સેમિનાર સમયે આપેલી ખાતરી મુજબ જરૂરી એવા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન વેબ સાઈટ ઉપર હવે ઉપલબ્ધ કરાવ્યાં છે. વધુને વધુ સંખ્યામાં આ પ્રવેશ પરીક્ષામાં રાજપૂત દિકરા-દિકરીઓ જોશભર હિસ્સો લે તે માટે આવાહ્ન પણ કરૂ છું. પરીક્ષા લક્ષી સૂચનાઓ માટે દરરોજ એકવાર વેબસાઈટ જોતા રહેવા વિધાર્થી મિત્રોને નમ્ર વિનંતી છે.

જય માતાજી !

કોર્ષ અને પરીક્ષા સંબંધિત પૂછપરછઃ શ્રી અશોકસિંહ પરમાર(૯૯૭૮૪૦૭૩૦૮),
શ્રી હરિસિંહ સોઢા(૯૪૦૮૪૯૬૫૩૬)

જનરલ પૂછપરછઃ કાર્યાલય- ૦૭૯-૨૩૨૨૬૪૪૪, ૯૪૨૯૯૭૩૪૫૬(w)

લી.
સંકલન કર્તા,
પ્રવેશ સમિતિ, UPSC પ્રથમ તાલીમ બેચ,
દ. મ. પરમાર IAS એકેડેમી
(SKKRSS, સંચાલિત)
લેકાવાડા, ગાંધીનગર